ભજન ૧

કાલા ઘેલા બોલ તારા લાગે છે મીઠડાં {૨}
રોજ રોજ મળવા ને આવ - - - - શ્યામ તને રાધાના સમ છે.

યમનુ ના ઘાટ પર જળ ભરવા જાઉં છું {૨}
તારા માટે છાનું છાનું ખાવાનું લાવું છું
અતંરની આગ ને બુઝાવ - - - - શ્યામ.

તારો વિયોગ શ્યામ મુજથી સહેવાયના {૨}
દિલડાની વાત મારી જાહેર કરાયના
વાંચી જો, હૈયાના ભાવ - - - - શ્યામ

અજવાળી રાતે તું એકલડો આવ જે {૨}
વૃંદાવન કુંજમાં રાસ રચાવજે
અમ સઁગે રજની વિતાવ - - - - શ્યામ

શ્યામ તારો શુધ્ધ પ્રેમ હૈયાને ખેંચતો {૨}
રામ ભકત યાચે છે લ્હાવ - - - - શ્યામ તને સધાના સમ છે.